'જતાં પહેલાં જાણો': એનપીઝેડ લો ગ્રુપ ચોક્કસ વિદેશી નાગરિકોને હોલીડે ટ્રાવેલનો તનાવ ઘટાડવામાં મદદ કરે છે

આ સીઝન આનંદ માણવા માટે છે, પણ આ સીઝન એવી છે કે જેમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ ઘણી વાર મૂર્ખામીભર્યો સાબિત

માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

થઈ શકે છે. ઘણા વિદેશી નાગરિકો રજાઓ દરમિયાન અમેરિકાની બહાર પ્રવાસ ખેડતા હોય છે. આ હોલિડે ટ્રાવેલ ડિસેમ્બરના અંતથી જાન્યુઆરીના મધ્ય સુધી હોય છે. કેટલાક નાગરિકોને હોલિડે ટ્રાવેલ માટે, કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) ઓફિસરની મુલાકાત લેવી પડતી હોય છે, જ્યારે અન્ય નાગરિકો માટે, પોતાના વતન અથવા થર્ડ-કન્ટ્રીમાં હોલિડે ટ્રાવેલ કરવા યુએસ કોન્સ્યુલેટ ઓફિસની મુલાકાત લેવાનું નક્કી હોય છે.

એનપીઝેડ લો ગ્રુપે ઈન્ટરનેટ પર સૂચના આપતા ઘણા વિડિયો પોસ્ટ કર્યા છે, જે તમે યુટ્યુબ પર નિહાળી શકો છે, જેમાં યુએસ કોન્સ્યુલર ઓફિસોમાં વિઝા ઈચ્છતા નાગરિકો અને આંતરરાષ્ટ્રીય પ્રવાસને લગતી વિવિધ માહિતી દર્શાવવામાં આવી છે. જેઓ પ્રવાસ કરવાના છે તેમને આ વિડિયો જોવાની અમારી ભલામણ છે.

જો તમને આ વિડિયો જોવાનો સમય ન હોય તો સુખરૂપ આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરવાના-યુનાઈટેડ સ્ટેટ્સમાં પાછા ફરવાના મુદ્દાઓ સરળ બનાવવાનાં કેટલાંક પાયાનાં સૂચનો આપેલાં છે, જે મદદરૂપ થઈ શકે છે.

સૌપ્રથમ, અને સૌથી મહત્ત્વપૂર્ણ, દરેક નાગરિકને પ્રવાસની માન્યતા મળતી નથી. યુએસ અને કેનેડિયન ઈમિગ્રેશન ટ્રાવેલ પોલિસી કોઈ પણ નોટિસ આપ્યા વગર બદલાતી હોય છે. એનપીઝેડ લો ગ્રુપના વકીલો અને એટર્ની યુએસ છોડતાં અગાઉ માન્યતાપ્રાપ્ત ઈમિગ્રેશન લો પ્રેક્ટિશનર સાથે તપાસ કરાવવા તમને પ્રોત્સાહન આપે છે. યાદ રાખો કે 'તમારો' કેસ એવી વ્યક્તિના કેસ જેવો નથી, જેના વિશે તમે ઈન્ટરનેટ પર બ્લોગ-સાઈટમાં વાંચેલું હોય. દરેક કેસ (જેમ કે તમારો પોતાનો) તેની પોતાની ખાસ હકીકતો અને પરિસ્થિતિઓ રજૂ કરતો હોય છે.

અમેરિકામાં પ્રવાસ અથવા રિ-એન્ટ્રી કરવા માટે વિવિધ મૂળ દસ્તાવેજોની જરૂર પડતી હોય છે. તમારે એ યાદ રાખવું મહત્ત્વનું છે કે તમારા પરિવારના સભ્યોએ પણ પ્રવાસ કરતી વખતે આ દસ્તાવેજો પોતાની સાથે રાખવા જોઈએ. તમારી સાથે વિવિધ દસ્તાવેજોની યાદી હોવી જોઈએ, જે નીચે મુજબ છેઃ

- *અમેરિકામાંથી જવાની ઈચ્છિત તારીખ સિવાય છ માસ માટે માન્ય પાસપોર્ટ હોવો જોઈએ.*
- *માન્ય યુએસ વિઝા (જરૂર પડે તો)*
- *મૂળ ફોર્મ આઈ-૭૯૭, નોટિસ ઓફ એપ્રુવલ*
- *માન્ય એડવાન્સ પેરોલ ટ્રાવેલ ડોક્યુમેન્ટ (અથવા માન્ય એચ-વનબી, એચ-ફોર અથવા એલ-૧, એલ-૨ વિઝા)*
- *યુએસ લોકુલ પરમેનન્ટ રેસિડન્ટ્સ માટે માન્ય લોકુલ પરમેનન્ટ રેસિડન્ટ કાર્ડ (ગ્રીન કાર્ડ)*

અમે અગાઉ પ્રસંગોપાત્ત અને અમારા યુટ્યુબ પર વિડિયોમાં જાહેરાત કરી છે કે, એર અને સી પોર્ટ એન્ટ્રી માટે સીબીપી પાસે નવી ઓટોમેટેડ ફોર્મ આઈ-૯૪ સિસ્ટમ છે. પ્રવાસીઓને તેમના પાસપોર્ટમાં આઈ-૯૪ ફોર્મ આપવામાં આવતું નથી. તેના બદલે સીબીપી એડમિશન સ્ટેમ્પ પાસપોર્ટમાં ઈશ્યુ કરાય છે. અમેરિકામાં શક્ય પ્રવેશને અનુલક્ષીને દરેક પ્રવાસીએ આઈ-૯૪ ફોર્મ (એરાઈવલ-ડિપાર્ચર રેકોર્ડ) પ્રિન્ટ કરાવવાનું યાદ રાખવું જોઈએ. આમ કરવા માટે સીબીપી વેબસાઈટ http://www.cbp.gov/I94 પર જવું જોઈએ.

દરેક સમયે પ્રવાસ કરતી વખતે તમારે ફોર્મ આઈ-૯૪ની પ્રિન્ટ સાથે રાખવી જોઈએ. તાજેતરની એન્ટ્રી વખતનું આઈ-૯૪ ફોર્મ તમારા ડિપાર્ચર સુધી જ માન્ય ગણાશે. જો તમે જતાં પહેલાં પ્રિન્ટ કઢાવતા નથી, તો તમારે ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન રિક્વેસ્ટ (એફઓઆઈએ)ના સ્થાને ઈલેક્ટ્રોનિક આઈ-૯૪ ફોર્મની કોપી સીબીપીને આપવી જોઈએ.

જો તમે તમારા ઈમિગ્રેશન લોયર અથવા એટર્ની સાથે સંપર્કમાં હો અને તમને ખબર હોય કે તમારા સ્વદેશ અથવા થર્ડ કન્ટ્રી માટે વિઝા માટે અરજી કરી છે, તો તમારે કોન્સ્યુલેટ ઓફિસે જતાં અગાઉ નીચે મુજબની વિગતો જાણવી જોઈએઃ

- *હોલિડે સીઝન દરમિયાન વર્લ્ડવાઈડ કોન્સ્યુલર પોસ્ટ્સમાં નોન-ઈમિગ્રન્ટ એપોઈન્ટમેન્ટ્સ (એનઆઈવી)નો બેકલોગ હોય છે. આથી તમારે વિઝા પ્રોસેસિંગ ટાઈમ ઓનલાઈન http://travel.state.gov ચકાસવો જોઈએ.*
- *૧૪થી ૭૯ વર્ષની વયના મોટા ભાગના અરજીકર્તાઓ કોન્સ્યુલર ઈન્ટરવ્યુ માટે જાતે આવેલા હોવા જોઈએ - ઈન્ટરવ્યુમાં વેઈવર્સ માટે ખાસ નિયમો હોય છે, જે તમે ઓનલાઈન ચેક કરી શકો છો.*
- *જે પ્રવાસીઓ ક્વોલિફાય હોય છે તેઓ કેનેડા અથવા મેક્સિકો અથવા અન્ય દેશોમાં યુએસ કોન્સ્યુલર પોસ્ટમાં થર્ડ કન્ટ્રી પ્રોસેસિંગ (ટીસીપી)ને ધ્યાનમાં રાખી શકે છે, આથી તેઓ પ્રવાસ ખેડી શકે છે.*
- *કોન્સ્યુલેટ એપોઈન્ટમેન્ટ્સ માટે તારીખ અને સમય તમે ઓનલાઈન http:// travel.state. gov/ content/visas/en/general/wait-times.html/ ચેક કરી શકો છો.*
- *સમગ્ર વિશ્વમાં યુએસ કોન્સ્યુલર પોસ્ટ્સ માટે તમે http://usembassy.state.gov પરથી લિન્ક શોધી શકો છો.*
- *'સલામતી' અને-અથવા 'રાજદ્વારી' સંબંધિત સ્પેશિયલ ડેવલપમેન્ટને કારણે રોકાણ કરવાથી ચોક્કસ દેશોમાં વિઝાના પ્રોસેસિંગ ટાઈમ પર અસર પડી શકે છે.*

કોન્સ્યુલર પોસ્ટ અથવા બોર્ડર પોસ્ટ પર ટીસીપી પ્રોસેસિંગ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટને 'વિવેકાધીન' હોય છે. ટીસીપી પ્રોસેસ ખૂબ જટિલ છે અને તે ભલામણ કરે છે કે તમારે જાતે પ્રોસેસ કરતાં પહેલાં તમારે માન્ય ઈમિગ્રેશન લો પ્રોફેશનલ સાથે કન્સલ્ટ કરવું જોઈએ.

અમારી ઓફિસ એવા કેસો માટે કાર્યરત છે, જેમાં વ્યક્તિઓએ પોતાની જાતે ટીસીપી કરવાનો પ્રયાસ કર્યો હોય, પણ અંતે તેમનો કેસ નકારવામાં આવ્યો હોય અથવા મોડો હાથ ધરાયો હોય.

અમારી ફર્મના ક્લાયન્ટ્સને અમારી સલાહ એ છે કે 'નો બિફોર યુ ગો'! (know before you go) કોઈ પણ પ્રવાસ અને તમામ આકસ્મિક પ્રવાસ માટે યોજના નિષ્ફળ ન જાય તે માટે કેવી રીતે વહીવટી પ્રક્રિયા કામ કરે છે તેનાથી સજાગ રહો.

કોઈ પણ ઊભો થતો મુદ્દો દૂર કરવા માટે 'નો બિફોર યુ ગો' (know before you go) શ્રેષ્ઠ ઉપાય છે, જે તમારે અમેરિકાનો પ્રવાસ કરતી વખતે જાણવું જોઈએ.

યુએસ પ્રવાસ કરતી વખતે અથવા વિઝા એપ્લિકેશન પ્રોસેસ વિશે વધુ માહિતી માટે તમે યુએસ અથવા કેનેડિયન ઈમિગ્રેશન લોયર્સ, નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો info@visaserve.comનો સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો.